
ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ
(રજી. નંબર ઈ/૩૨૧૧ • તારીખ : ૧૫-૦૨-૧૯૭૮)
(IT Reg. No.: DIT (E) 12AA/137/06-07)

ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય
વિભાગ કેળવણી ટ્રસ્ટ

ત્રીમાસીક ડિજિટલ પ્રકાશિત થતું પત્ર

# સમાજ સેતુ

(રજી. નંબર ઈ/૩૨૧૧ ● તારીખ : ૧૫-૦૨-૧૯૭૮)
(IT Reg. No.: DIT (E) 12AA/137/06-07)


રામ સેતુ

વર્ષ : ૧ ● અંક : ૧ ● જૂન-૨૦૨૪ તંત્રી : પ્રો.ડો શ્રી અશ્વિનભાઈ જણસારી, શ્રી અશોકભાઈ સોલંકી, શ્રી બિપીનચંદ્ર સોલંકી, શ્રી બિપીનભાઈ સોલંકી

રમેશભાઈ એસ. ચૌહાણ - પ્રમુખ ● સુમનચંદ્ર વી. ચૌહાણ - મંત્રી

## કેળવણી ટ્રસ્ટનો ઇતિહાસ

સને ૧૯૭૨માં સ્વ.શ્રી શાંતિલાલ અમથારામ ચૌહાણ (કોઠાવાળા) તથા સ્વ.શ્રી ભગુભાઈ ચતુરભાઈ ચૌહાણ (લીંચવાળા)ના સહયોગથી કેળવણી મંડળની શરૂઆત કરવામાં આવેલ હતી તેવું અનુમાન છે. જેમાં સ્વ.શ્રી શાંતિલાલ અમથારામ ચૌહાણ રૂા. ૭૦૦૦ની આર્થિક સહાય આપેલ તેથી તેમના નામે ટ્રસ્ટની રચની કરવામાં આવી અને ટ્રસ્ટનું નામ શ્રી શાંતિલાલ અમથારામ ચૌહાણ ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ રાખવામાં આવ્યું. આ ટ્રસ્ટની નોંધણી મે. ચેરિટી કમિશ્નર શ્રી અમદાવાદની કચેરીમાં કરાવવામાં આવી જેનો ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ઈ-૩૨૧૧, તા. ૧૫-૦૨-૧૯૭૮.

ટ્રસ્ટની નોંધણી થયા બાદ ટ્રસ્ટની પ્રવૃતિને વેગવંતી બનાવવા માટે ઘી કાંટા - કલોલ તથા ઘી કાંટા ઉવારસદ પંચ તરફથી અનુક્રમે રૂા. ૧૦૦૧/- અને રૂા. ૭૫૦૦/- સહયોગ પ્રાપ્ત થયેલ ત્યારબાદ સ્વ.સમુબેન સોમચંદ ચૌહાણ (અંબાસણ) તરફથી રૂા.૮૧૧૧/- સ્વ. ચંચળબેન કચરાભાઈ ચૌહાણ (ગોઝારીયા) તરફથી રૂા. ૪૦૦૦/- તથા સ્વ. શ્રી પરષોત્તમદાસ લલ્લુભાઈ સોલંકી (સાદરા) તરફથી રૂા.૧૨૫૧/- નાણાકીય સહયોગ પ્રાપ્ત થયેલ. વધુમાં સમાજના તેજસ્વી તારલાઓને ગુણવત્તા ધોરણે રજત ચંદ્રકથી નવાજવા માટે સમાજના દાતાઓના અંતરના ઉમળકાથી શરૂ થયેલ રજતચંદ્રક યોજનાને પ્રેમભર્યો પ્રતિસાદ મળ્યો છે. આ ટ્રસ્ટ પ્રતિવર્ષ ચંદ્રક ભંડોળ અને દાનના વ્યાજમાંથી જુનીયર કે.જી. થી ધોરણ ૧૨ સ્નાતક અનુસ્નાતક તથા માન્ય યુનિવર્સિટિની ડીગ્રી ધરાવનાર વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ચંદ્રક એનાયત કરવામાં આવે છે. ચંદ્રક દાતાશ્રીઓની યાદી આ સાથે અલગ રીતે પ્રસિદ્ધ કરેલ છે. સર્વે દાતાશ્રીઓના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કાર્યકર્તાઓ તથા સમાજના સૌ જ્ઞાતિજનો આભાર માને છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરનાર ઉત્સાહ પ્રેરક અને તેજસ્વી કારકિર્દીની પ્રેરણા પુરી પાડવામાં સહભાગી થવા સૌને આમંત્રણ છે. મેડિકલના એમ.બી.બી.એસ. થયેલ વિદ્યાર્થીઓને સુર્વણ ચંદ્રક પણ એનાયત કરવામાં આવેલ છે. જેમાં સ્વ. પોપટલાલ પરષોત્તમદાસ પરમાર (રુપાલ), શ્રી રવિન્દ્રભાઈ માધવભાઈ ભગત (કડી), અમદાવાદ તરફથી સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવતા હતા. તેઓશ્રીઓને પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

સમાજ ના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ફૂલસ્કેપ ચોપડાઓનું દર વર્ષે વિતરણ કરવામાં આવે છે. દાતાઓ તરફથી (બ્લોક દાતા) ચોપડા ભંડોળ માટે જે સહયોગ અપાય છે. તેના વ્યાજમાંથી ચોપડા બનાવી વિતરણ કરવામાં આવે છે. આથી જે સાધન-સંપન્ન જ્ઞાતિજનો આ ભંડોળમાં ઉદાર સખાવત પુરી પાડે તો ટ્રસ્ટીને ઘણી રાહત થાય તે સર્વે વિદિત છે. ટ્રસ્ટીની આર્થિક સદ્ધરતા વધારવા આ ચોપડા ભંડોળ યોજનામાં વગર માંગે આપ આપની અનુકુળતાએ અચૂક દાતા બનો. સમય છે સમાજના શૈક્ષણિક વિકાસમાં સહયોગ આપવાનો. જેનો પહેલાં ઉલ્લેખ કરવો જોઈએ તેવા સ્વ. શ્રી કેશવલાલ સેંધારામ ચૌહાણ (ડાભી, ખોરજ)ને આ તબક્કે ભૂલી શકાય તેમ નથી. તેઓશ્રીએ ટ્રસ્ટને ચાલુ રાખી સંગીન સ્તરે મૂકવા અથવા પરિશ્રમ - મહેનત કરેલ હતી તે ભૂલી શકાય તેમ નથી. સમાજના સૌને અંતરના વંદન...

## સમાજના સ્વર્ણિમ વિકાસ માટે જનજાગૃતિ અભિયાન

સમસ્ત દંઢાવ્ય સમાજના સભ્યશ્રીઓના ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને વિનામૂલ્ય ચોપડા આપવામાં આવે છે તેમજ ધોરણ ૧ થી ૧૨, સ્નાતક, અનુસ્નાતકમાં મેરટીમાં પ્રથમ ત્રણ આવનાર તેજસ્વી ટમટમતા તારલાઓને સંસ્થાના વાર્ષિક સમારંભમાં માનવંતા દાતાશ્રીઓના સહયોગથી ચંદ્રક તેમજ શુભેચ્છા પ્રમાણ આપી જાહેરમાં તેઓને પ્રોત્સાહિત અને સન્માનિત કરવામાં આવે છે. જેથી અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળે. કેળવણી ક્ષેત્રે સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે સૌ કોઈ ઉત્સાહ અને ઉંમગભેર સાથ સહકાર અને ઉદાર હાથે સહયોગ આપે તે માટે નમ્ર અપીલ છે. વધુમાં સંસ્થા અગાઉ બહાર પાડેલા દળદાર પરિવાર પરિચય ગ્રંથ જેમણે મેળવેલ ન હોય તેમણે સંપર્ક કરી મેળવી લેવો. નવા સભ્યો નોંધવાનું કામ પણ ચાલુ જ છે તો તે માટે સંપર્ક કરે અને સમાજનું, રાજ્યનું અને રાષ્ટ્રનું ગૌરવ વધારે. સ્પાર્ધાત્મક પરીક્ષાઓ આપી ઉચ્ચ અધિકારી બને આઈએસ - આઈપીએસ થાય તે માટે આવો સૌ સાથે મળી ભગીરથ કાર્ય ઉપાડી લઈએ. સમાજ વ્યસન મુક્ત થઈ, કુરિવાજો ફગાવી શિક્ષિત અને સંસ્કારી બને તેવા પ્રયત્નો કરીએ. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપીએ. યોગ્ય જીવનસાથી મળે તે માટે પણ પ્રયત્નશીલ રહીએ.

ગુજરાતી દંઢાવ્ય જનક્ષત્રિય સમાજના દેશ - વિદેશમાં વસતા ભાઈઓ, બહેનો, યુવક - યુવતીઓ અને વરિષ્ઠ જ્ઞાતિબંધુઓ પણ સમાજના વિકાસમાં સ્વયંભુ રીતે આગળ આવી સાથ - સહકાર અને સહયોગ આપે. સુખી, સંપન્ન, આગેવાનો, બુદ્ધિજીવીઓ, કેળવણીકારશ્રીઓ પણ પોતપોતાના મંતવ્ય, અભિપ્રાય અને માર્ગદર્શન આપે તેવી નમ્ર વિનતી. જીવનસાથી પસંદગી મેળાવડા, સરકારશ્રીની વિવિધ શિષ્યવૃતિઓ, આરોગ્ય સેવાઓમાં અમૃત યોજના, રોજગારલક્ષી કૌશલ્યવર્ધન કેન્દ્રો વિ.નો પણ લાભ લેવા મદદરૂપ થઈ શકાય. આપણા સમાજની સેવા કરનાર મહાનુભાવોને વંદન સહઅભિનંદન સાથે યુવા વર્ગ સમાજ માટે કંઈક વિશેષ કરી છુટવાની તમન્ના અને ધગશ દાખવે. ઈન્ટરનેટ, ફેસબુક, વોટસએપ ઓનલાઈન માહિતી વિ. માટે સહયોગ આપે તેવી વિનમ્ર વિનંતી. આપના અમૂલ્ય સૂચનો, માર્ગદર્શન આવકાર્ય છે. શું આપ સ્વેચ્છાએ સહભાગી થવા સંપર્ક કરશો ? હવે પછી ઉપર મુજબના નવા સરનામે મળીશું. શુભ પ્રસંગે આમંત્રણ પત્રિકા સંસ્થાને મળશે તો સંસ્થા તરફથી શુભેચ્છા પાઠવવામાં આવશે તેમજ અવસાન પ્રસંગે જાણ થશે તો શ્રધ્ધાંજલિ શોક સંદેશ પાઠવવામાં આવશે. સુખ, દુઃખમાં એકબીજાને મદદરૂપ થવાની ભાવના સૌને રહેવી જોઈએ. જરૂર પડે ફોન પર સંપર્ક કરવો. સૌને હાર્દિક શુભેચ્છા... વધુમાં સૌના સાથ, સહકાર, સહયોગથી સંસ્થાએ પોતાની ઓફિસ કાર્યાલય માટે લીધેલ છે. તે આનંદની વાત છે. જેનાથી કાયમી વ્યવસ્થા થઈ છે.

# સુર્વણ જયંતિ મહોત્સવની સફર

સને ૧૯૭૨ માં સ્વ. શાંતિલાલ અમથારામ ચૌહાણ (કોંઠાવાળા) તથા સ્વ. ભગુભાઈ ચતુરભાઈ ચૌહાણ (લિંચવાળા) ના સહયોગથી કેળવણી મંડળની શરૂઆત કરવામાં આવેલ હતી તેવું અનુમાન છે. જેમાં સ્વ. શ્રી શાંતિલાલ અમથારામ ચૌહાણે રૂ. ૭૦૦૦/- ની આર્થિક સહાય આપેલ તેથી તેમના નામે ટ્રસ્ટની રચના કરવામાં આવી અને ટ્રસ્ટનું નામ શ્રી શાંતિલાલ અમથારામ ચૌહાણ ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ , અમદાવાદ રાખવામાં આવ્યું. આ ટ્રસ્ટની નોંધણી મેં. ચેરિટી કમિશ્નર શ્રી અમદાવાદની કચેરીમાં કરાવવામાં આવી જેનો ટ્રસ્ટ રેજીસ્ટ્રેશન નં. ઈ-૩૨૧૧ તા. ૧૫- ૨ -૧૯૭૮ છે. એટલે કે આજથી આશરે ૪૬ વર્ષ પહેલા.

ટ્રસ્ટની શરૂઆતના કાર્યોમાં , વિદ્યાર્થીઓને મામૂલી ઘસારો અને વ્યવસ્થા ખર્ચ લઈને શાળાના અભ્યાસની ચોપડીઓ આપવી, ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડાનું વિતરણ , અભ્યાસમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થીને ઇનામ વિતરણ અને સરસ્વતી સન્માન દ્વારા વાર્ષિક આયોજન અને ખાસ સમાજનો બે વાર પરિવાર પરિચય ગ્રંથ બનાવીને સમાજને સંગઠિત કરવામાં મહત્વની ભૂમિકા અને યુવક-યુવતી માટે પસંદગી મેળા જેવા આયોજન કરતુ આવ્યું છે.

સમાજના તેજસ્વી તારલાઓને ગુણવત્તાઓને ધોરણે, ધોરણ ૧ થી ધોરણ ૧૨ , સ્નાતક , અનુસ્નાતક , ડોકટરેટ વગેરે માં માન્ય યુનિવર્સિટી માં ઉત્તીર્ણ થયેલ દરેક ક્ષેત્રના સમાજના વિદ્યાર્થીઓને પ્રથમ , દ્વિતીય અને તૃતીય નંબર પ્રમાણે સન્માનવામાં વાર્ષિક ધોરણે આવે છે.

સમાજની કેળવણી ની સંસ્થા સમય સાથે ચાલે તો જ સમાજ વિકસિત થાય તેને ધ્યાને રાખતા સમાજની ઓફિસને કોમ્પ્યુટર ના દાનના સહયોગથી ડિજિટલ કરવામાં આવી. સાથે સાથે સંસ્થામાં આવતા દાનને પણ ઓનલાઇન ક્યુ આર કોડથી સીધું બેન્કમાં જમા થાય તેની વ્યવસ્થા કરવામાં આવી. હવેથી સંસ્થાનું લક્ષ ૧૦૦ % ઓનલાઇન અને ૨૦૨૪થી બધાજ હિસાબ ટેલી/એકસલ થી કરીને સંસ્થાને વધુ પારદર્શી રાખવાનો છે મહત્તમ ટેક્નોલોજી નો ઉપયોગ કરીને ઝડપ અને પારદર્શિતાને અગ્રિત્તમતા આપી અગ્રેસર રાખવાનો છે.

હવે આપણા ગૌરવંતા ઇતિહાસને જોતા અને વડીલોની સમાજ માટે સારી ભાવનાને થકી જ, આપણને આ મહા મૂલ્યવાન સુવર્ણ જયંતિ ના પાંચ વર્ષ ને અવિરત અવસર સમજીને અને સુવર્ણ જયંતિને ભવ્ય થી અતિ ભવ્ય ઉજવવાનીના પ્રથમ પગથિયાં થી જ આવા અવસરને આનંદથી ઉજવવા સહયોગી થઈએ. આ વર્ષે સુવર્ણ જયંતીના પહેલા પાંચ વર્ષની ઉજવણી ના ભાગરૂપે ગયા વર્ષે સુવર્ણજયંતી મહોત્સવની શરૂઆત સુવર્ણ જયંતીના ધ્વજ ફરકાવીને કરવામાં આવી હતી.

આ અવસરને સોનામાં સુગંધ ભળે તેમ, કેળવણી મંડળની વેબસાઈટનું પણ ઉદ્ઘાટન કરીને સુવર્ણજ્યંતીની શુભ શરૂઆત, ટ્રસ્ટ સમય સાથે ચાલે તેમ કરવામાં આવે છે. વિદ્યાર્થીની માહિતી અને પરિવાર પરિચયમાટે સમાજના સભ્યોની માહિતી પણ હવેથી ગૂગલે ફોર્મ દ્વારા ડિજિટલ એકત્ર કરવામાં આવે છે સંસ્થાનું વિજન મિશન પણ તૈયાર કરવામાં આવેલ છે.

સમાજને વધુ વેગવંતુ અને સંગઠિત કરવાના શુભ આશય સાથે **કર્મનિષ્ઠ યુવા ગ્રુપ**ની રચના કરવામાં આવી

મુખ્ય ઉદ્દેશ : સમગ્ર દંઢાવ્ય સમાજને એક તાંતણે બાંધીને સર્વાંગી વિકાસ માં સહયોગી થઇ સમાજને પ્રગતિશીલ બનાવવો.

પ્રથમ પથ: દંઢાવ્યમાં સમાજમાં થતા વાર્ષિક હવન કે ઉજાણી ગ્રૂપમાંથી લગુત્તમ એક અને મહત્તમ બે સભ્યોને કર્મનિષ્ઠ ગ્રૂપમાં સમાવવા જેથી કરીને સંગઠનનો મુખ્ય હેતુ સહેલાઇથી પ્રાપ્ત કરીને સમગ્ર સમાજને આવરી શકાય.

- દંઢાવ્ય પરગણાના નાનામાં નાના છેવાડાના સમાજના ગામોને અને દરેક સભ્યોને સમાજ સાથે જોડાવા એટલે કે સંગઠન મજબૂત કરવું.
- નાનામાં નાની સમાજ ઉપયોગી માહિતી સમાજના છેલ્લામાં છેલ્લા સભ્ય સુધી પહોંચાડવી.
- સમાજના દરેક અભ્યાસ કરતા વિદ્યાર્થી / વિદ્યાર્થીની માહિતી એકત્ર કરવામાં મદદ કરીને એમના વિકાસમાં સહભાગી થવું.
(કેળવણી ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીની માહિતી એકત્ર કરવાના ગૂગલ ફોર્મ ભરવાનું મહત્વ સમાજના સભ્યોને જણાવવું.)
- વિદ્યાર્થીઓની માહિતીના આધારે નાના નાના ગ્રૂપમાં વિદ્યાર્થીને મદદરૂપ થાય તેવા પ્રોગ્રામો કેળવણી ટ્રસ્ટને સુચનોરૂપે આપવા.
- કેવા કેવા કાર્યક્રમ કેળવણી ટ્રસ્ટ કરે તો સમાજના વિદ્યાર્થીને શિક્ષણમાં ફાયદો થાય તે પણ સૂચન રૂપે આપવા.

• સંગઠન મજબૂત થતા પરિવારની માહિતી એકત્ર કરવામાં સમાજને મદદરૂપ થઇ ને જલ્દી થી જલ્દી માહિતી એકત્ર થાય તેમાં સહાયરૂપ થવું.
• કોઈપણ સમાજના કાર્યક્રમોમાં વ્યવસ્થામાં સહયોગ કરવો.
• આગામી સમયમાં આપણે કેળવણી સમાજની વેબસાઈટે બનાવવા જઈ રહ્યા છે તેમાં સહાયરૂપ થઈને સમાજને સમય સાથે ચાલે તેમાં પોતાનું યોગદાન આપવું.
• નવા વિચારોને સ્વીકારીને સમાજમાં તેનો અમલ કરવામાં મદદ કરવી
• આપણા સમાજમાં વ્યસનનું દુષણ રોકવાના પ્રયત્નો કરવા.
• ગવર્મેન્ટ તરફથી ઈન્સુરન્સને લગતી યોજનાની માહિતી પુરી પાડવી અને તે મેળવવા માટે માર્ગદર્શન આપવું.
• લાંબા સમયની માંદગી વાળા કુટુંબને સહાય કેવી અને કેવી રીતે કરવી તેની વિગતે ચર્ચા કરવી.
• અભ્યાસ કરતા વિધાર્થીને અભ્યાશ કે વ્યવસાય કે નોકરીને લગતા પ્રશ્નોનું સમાધાન કરવાની પધ્ધરતી બનાવવી.

સાથે સાથે કેળવણી ટ્રસ્ટ ના આગેવાનની સાથે કર્મનિષ્ઠ યુવાને જોડીને નાના નાના ગ્રુપમાં રહેતા સમાજના સભ્યશ્રીઓને **ગૃહ સંપર્ક કાર્યક્રમ** હેઠળ મળીને કેળવણી ટ્રસ્ટની માહિતી અપાવી અને નવ યુવાનોને જોડીને સંસ્થાને વધુ મજબૂત સકારાત્મક વલણ અપનાવીને વિકાસમાં સમગ્ર સમાજને સહભાગી બનાવીને આત્મીયતા વધારીને વિકાસને રસ્તે સાથે ચાલવાનો છે.

કોઈ પણ સમાજની સંસ્થા સારા ઉદ્દેશ વિના અને કાર્યપ્રણાલી વગર લાંબાગાળા સુધી સમાજઉપયોગી કાર્ય કરવું શક્ય હોતું નથી અને આવનારી નવી પેઢીને સંસ્થાનો ઉદ્દેશ એટલે કે Vission Mission સમાજના સભ્યો સાથે મળીને ઔપચારિક રુપે તૈયાર સર્વ સંમિતિથી તૈયાર કરવામાં આવ્યું. સાથે સાથે સમાજ **મારો સમાજ મારો પરિવાર** અને **મે તૈયાર હું** જેવા નવા સુત્રો સાથે અગ્રેશર રહેવા પ્રયત્નશિલ છે. સમાજમા સહકાર સાથે સંઘ ભાવનાને મજબૂત કરવાના શુભ આશયને પરિપૂર્ણ કરવા ટ્રસ્ટના સૌજન્યથી "કર્મનિષ્ઠ યુવા ગૃપ" દ્વારા પ્રથમ " કર્મનિષ્ઠ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૪" નુ આયોજન સફળતા પુર્વક પુર્ણ કરવામાં આવ્યુ.

આ વર્ષે સ્કૂલમાં પ્રથમ વખત પ્રવેશતા વિધાર્થીઓના પ્રવેશને એક ઉત્સવ બનાવવા સ્કૂલ કીટ આપીને પ્રોત્સાહિત કરવામા આવશે.બીજુ કે ધોરણ ત્રણ સુધી વિધાર્થીઓને બે લીટી, ચાર લીટી અને ચોકડાવાળી નોટબૂક અને કોલેજના વિધાર્થીઓને પણ નિશુલ્ક ચોપડા આપવામાં આવશે.   આભાર...




**સરસ્વતિ સન્માન કાર્યક્રમ - ૨૦૨૩**



**પ્રથમ ગૃહ સંપર્ક - ઉષા સોસાયટી, નવરંગપુરા**



**પ્રથમ ગૃહ સંપર્ક - નવરંગપુરા**



**પ્રથમ કર્મનિષ્ઠ મિટીંગ - બોરીસણા**



**કર્મનિષ્ઠ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૪ (વિજેતા)**






**કર્મનિષ્ઠ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૪ (બેટ્સમેન ઓફ ધ ટુર્નામેન્ટ)**



**કર્મનિષ્ઠ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૪ (બોલર ઓફ ધ ટુર્નામેન્ટ)**



**કર્મનિષ્ઠ ક્રિકેટ ટુર્નામેન્ટ - ૨૦૨૪ (રનર અપ)**



શ્રી શાંતિલાલ અમથારામ ચૌહાણ

# ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ

## વિઝન

સમગ્ર સમાજનો સર્વાંગી વિકાસ કરવા, સમાજ સંગઠિત થઈને શિક્ષણના દરેક ક્ષેત્રે સમયની સાથે તાલ મિલાવી, નોકરી-ધંધા અને વ્યવસાયમાં ખુબ પ્રગતિ કરી, સંસ્કારના સિંચન વડે એકબીજાના સાથ સહકારથી આર્થિક સક્ષમતા કેળવી સમાજ ઉત્તમ સ્થાન ઉપર પહોંચે.

## મિશન

- ભવિષ્યની કારકિર્દી અને વ્યવસાયો અંગે જાણકારી અને પસંદગી અંગે માર્ગદર્શન આપવું.
- સમાજના નાના છેવાડાના ગ્રામ વિસ્તારના જ્ઞાતિબંધુનું શૈક્ષણિક, સામાજિક, આર્થિક વિકાસ માટે સંગઠિત થઈને જરૂરિયાત પ્રમાણે આયોજનો કરવા.
- નવી ટેકનોલોજી નો ઉપયોગ કરીને જ્ઞાતિબંધુઓને વિવિધ ઉપયોગી માહિતી પહોંચાડવી.
- વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ઠ સિદ્ધિ હાંસલ કરનાર સભ્યશ્રીનાં સન્માન થકી સમાજના નવયુવાનોને પ્રેરણા મળે તેવા કાર્યક્રમો કરવા.
- સર્વાંગી વિકાસને ધ્યાને લેતા શિક્ષણની સાથે સાથે કલા, રમતગમત અને ઈતર પ્રવૃત્તિને લગતા કાર્યોક્રમો સમયાંતરે કરવા.

## સલાહકાર સમિતી


શ્રી અમૃતભાઈ જી. સોલંકી


શ્રી વિઠ્ઠલભાઈ એચ. ચૌહાણ


શ્રી બુધેશભાઈ સી. ચૌહાણ


શ્રી રવીન્દ્રભાઈ એમ. ભગત


શ્રી પ્રહલાદભાઈ એલ. ચૌહાણ

## ટ્રસ્ટી મંડળ ૨૦૨૪-૨૫


શ્રી રમેશભાઈ એસ. ચૌહાણ (પ્રમુખશ્રી)


શ્રી સુમનચંદ્ર વી. ચૌહાણ (મંત્રીશ્રી)


શ્રી સુરેશભાઈ એમ. ચૌહાણ (ખજાનચીશ્રી)


શ્રી મુકુંદભાઈ વિઠ્ઠલદાસ ચૌહાણ (ઉપપ્રમુખ)


શ્રી રમણભાઈ સોમાલાલ ચૌહાણ (સહમંત્રી)


શ્રી મહેન્દ્રભાઈ કાંતિલાલ ચૌહાણ (ટ્રસ્ટીશ્રી)


મહેશભાઈ એન. સોલંકી (ટ્રસ્ટીશ્રી)


પ્રો. અશ્વિનભાઈ બી.જનસારી (ટ્રસ્ટીશ્રી)


શ્રી ગજેન્દ્રભાઈ ચીમનલાલ ચૌહાણ (ટ્રસ્ટીશ્રી)


શ્રી કિરીટભાઈ ત્રિકમલાલ ચૌહાણ (ટ્રસ્ટીશ્રી)


શ્રી સંકેતભાઈ ભિખુભાઈ ચૌહાણ (ટ્રસ્ટીશ્રી)

**દાન ભેટ આવકવેરા માંથી મુક્તિને પાત્ર છે.**



## પુરુષાર્થ વિના સિદ્ધિ નહીં

નિકિતાબેન અને સંજયભાઈ ચૌહાણ ની દીકરી કુ. મોક્ષા (રહે. લપકામણ - અમદાવાદ) નો મંત્ર પુરુષાર્થ વિના સિદ્ધિ નહીં.

મેં ૨૦૨૪ માં ધોરણ ૧૦ ની પરીક્ષામાં ગુજરાતી માધ્યમ માં ૫૪૯/૬૦૦ માર્કસ અને ૯૭.૫૧ પી.આર. સાથે ઉત્તિર્ણ કરેલ છે એ પણ ટ્યુશન વગર. એટલે કે પુરુષાર્થ જો સાચી દિશામાં કરીએ તો સારૂ પરિણામ અવશ્ય આવે છે જે મે અનુભવ કરેલ છે.

મારા મત પ્રમાણે પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવવા સખત મહેનત અને સમય નું સન્માન જ એક ઉપાય છે. મને લાગે છે ભણતરમાં વિષયની સમજણ ઉપર ભાર રાખી ગોખવાથી બચવું જોઈએ જેથી કરીને આજીવન વિષય ઉપર પ્રભુત્વ રહે

અને ખાસ વાત આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબની દિકરીઓ માટે નો મંત્ર "બેટી બચાવો અને બેટી પઢાવો" મંત્રને મારા માતા-પિતા એ સાર્થક કર્યો છે.

આપ સર્વે ને મારા ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા



## સપના પુરા થવાની પહેલી શરત એ છે કે તમે સપના જોવાના શરૂ કરો...

નીરૂબેન અને જશંવતકુમાર ના સુપુત્ર ચૌહાણ નિરવની સંઘર્ષ યાત્રા પ્રેરણાદાયી છે. મધ્યમ વર્ગ અને દરજીકામ કરતા પિતાના પુત્ર એવા નિરવે વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ કર્યું અને B.E તેમજ M.E ની પદવી સારા ગુણે પ્રાપ્ત કરી. જીવનમાં શિક્ષણથી જ સર્વાંગી પ્રગતી થાય છે તેવા ખ્યાલે તેમણે ખૂબ જ મહેનત કરી. GPSC ની પરીક્ષા પાસ કરી તેઓ હાલમાં ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજ, પાલનપુર ખાતે છેલ્લા સાત વર્ષથી સેવા આપી રહયા છે. કેળવણી મંડળ તરફથી મળેલ શૈક્ષણિક સહાય અને પ્રોત્સાહન તેમના જીવનને નવી દિશા આપવાનું કામ કર્યુ છે. તેમની પ્રગતીના મૂળમાં કેળવણી મંડળ, તેમના માતા-પિતા અને ગુરુજનો એ ખુબ જ મહત્વનું યોગદાન આપેલ છે તેવું તેઓ દ્રઢ પૂર્વક માને છે.



## હારમેં છિપે હે જીત કે મંત્ર...

ચંપાબેન અને બેચરદાસ જનસારીના સુપુત્ર પ્રો. ડો. અશ્વિન જનસારીની જીવનયાત્રા પ્રેરણાદાયી છે.

Old SSC માં એક વિષયમાં નપાસ થયો. મનમાં દુઃખ થયુ લોકોએ તેને દુકાને (અમારી બુટ-ચંપલ ની ઘીકાટા, અમદાવાદ) મૂકીદો કે દરજીકામ શીખવા મૂકીદો પણ મનમાં નક્કી કર્યુ કે ખૂબ મહેનત કરી પરીક્ષા પાસ કરી આગળ વધવુ છે. ૧૯૭૯ માં ગુજરાત યુનિર્વસીટી માંથી મનોવિજ્ઞાન વિષયમાં એમ. એ. કરી ચોવીસ વર્ષની વયે લેકચર તરીકેની કારકિર્દી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, ડભોઈ જિ. વડોદરાથી શરૂ કરી ૧૯૯૧માં એલ. ડી. આર્ટસ કોલેજમાં અને ૧૯૯૬થી મનોવિજ્ઞાન વિભાગ ગુજરાત યુનિર્વસીટીમાં અને ૨૦૦૪માં વિભાગીય અધ્યક્ષ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન કાંઉસેલીંગ સાયકોલોજીના માનદ્નિયામક તરીકે સેવા આપી. ૨૦૧૭માં નિવૃત થયો. ૨૧ વિદ્યાર્થિઓને PHD નું માર્ગદર્શન આપુ છું. ૧૮ થી વધુ પુસ્તકો લખ્યા. ૧૮થી વધુ મનોવૈજ્ઞાનિક કસોટી ની રચના અને પ્રમાણિકરણ કર્યુ.

જુન ૨૦૨૩માં GIPS Psychiatric Clinic અમદાવાદ દ્વારા મનોવિજ્ઞાન ક્ષેત્રે સંશોધન અને વ્યવસાહિક સેવા બદલ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યુ.

હાલમાં ભારતી મનોમાપન સેંટરમાં મનોવૈજ્ઞાનિક માર્ગદર્શનની સેવા આપી રહ્યો છુ.



## મન હોય તો માળવે જવાય

સવિતાબેન અને માધવલાલ ના સુપુત્ર રવિન્દ્રભાઈ ભગતની જીવનયાત્રા પ્રેરણા દાયક છે.

મ્યુ. શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી ૧૯૭૮ માં B.com, LLB નો અભ્યાસ કરી નોકરી કરવાને બદલે સ્કૂલ સમયથી જ હદયમાં કોતરી નાખેલ કે પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરીશ. શરૂઆતમાં એકદમ નાનું કારખાનુ ઉભુ કરીને નિશ્ચય કર્યો કે બાટા ની જેમ ઈગલ ચંપલનું આખા દેશમાં વેચાણ કરવુ. એકલા હાથે જ આત્મનિર્ભર અને આત્મવિશ્વાસથી પ્રયત્નો કર્યા. શરૂઆતમાં નિરાશા સાંપડી. સંઘર્ષ કરીને કવાલીટી ફુટવેરની ડિમાંડ ઉભી કરી. માલની ગુણવત્તાને કારણે કામ દિવસ અને રાત ખૂબ જ વધતુ ગયુ. તેમની સફળતાથી બીજા વેપારીઓ પણ પ્રોત્સાહિત થયા અને હોલસેલ ફુટવેરનું મોટું માર્કેટ ઉભું કર્યુ. પંદર વર્ષની ફળશ્રુતી રૂપે ૧૯૯૩ માં Institute of Economic study તરફથી ઉધોગશ્રી નો એવોડ બેગંલોર ખાતે કર્ણાટક ના ઉધોગ પ્રધાનના હસ્તે પ્રાપ્ત કર્યો.

જ્ઞાતિજનોના વિર્ધાથીઓને ઈનામવિતરણ જેવા પ્રસંગોએ હાજર રહીને પ્રોત્સાહન અને પ્રેરણા પૂરા પાડયા. મેડીકલના વિર્ધાથીઓને ગોલ્ડ મેડલ આપવાની શરૂઆત તેમણે કરી.



## સપના એટલે પગથિયાં વિનાની સીડી

મધુબેન અને કાંતીલાલ ચૌહાણના સુપુત્ર શ્રી દીલીપ ભાઈની જીવનયાત્રા પ્રેરણાદાયી છે.

મુળ રૂપાલાના અને ગાંધીનગર રહી જયપુર - રાજસ્થાન ની MNIT માં ઈજનેરી પદવી મેળવી લાડોલથી કારકિર્દીની શરૂઆત કરી. હાલ ન્યૂયોર્ક - અમેરીકામાં સેટલ થયા છે. સીજીઓ તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત થઈ. હાલમાં ન્યૂયોર્ક સીટીમાં ડેપ્યુટી કમિશનર તરીકે હોદ્દો સંભાળે છે. તાજેતરમાં જી-૨૦ માં અમદાવાદ આવ્યા. તેમની સેવાની કદર કરી USA કોન્ગ્રેસે નવેમ્બર ૨૦૧૨ ના રોજ દીલીપ ચૌહાણ ડે જાહેર કર્યો જે તેમની સાઉથ એશિયન કોમ્યુનીટી ની સર્વિસ બદલ જાહેર થયો.

ઈનામ વિતરણ વખતે તેમના બીઝી સમયમાંથી વીડીયો સંદેશ કે જે પ્રોત્સાહક અને પ્રેરણાદયી હતો તે પાઠવ્યો. વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.